# જ્ઞાતિમૈયા


જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૪૫ • તા. ૧૮ જાન્યુઆરી થી ૨૪ જાન્યુઆરી ૨૦૨૫



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.


શા.માણેકજી મેઘજી લોડાયા

# શ્રી સાંધવ જૈન મહાજન દ્વારા લાભાર્થી પરિવારના આંશિક સહયોગથી મધ્યપ્રદેશ તીર્થ યાત્રા-પ્રવાસ યોજાયો



Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member





# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

C/o. Jaydeep Group,
# 203, Jaydeep Emphasis,
2nd Floor, Opp. PNB
Bank, Near Datta Mandir,
Above Saraswat Bank,
Waghle Estate, Thane
(W), Mumbai - 400 604.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# ત્યાગનો મહિમા મોટો

ત્યાગને બીજા અર્થમાં કહીએ તો તપ છે. ત્યાગ એટલે આપણું પોતાનું કોઈને અર્પણ કરવું. રાજી ખુશી અને આનંદિત થઈને આપણું સુખ ભોગ કે સમૃદ્ધિમાંથી એક નાનકડો ટુકડો આપીએ તો એ ત્યાગ છે. સર્મપણ છે. જે કઈ દાન પુણ્ય કરતાં અનેક રીતે ચડિયાતો હોય છે.

ત્યાગ એટલે તજવું. આપણે આપણને વ્હાલી હોય, અતિ પ્રિય હોય એ ચીજ કે વસ્તુ કે ભૌતિક પદાર્થ કોઈને અર્પણ કરવું, આપી દેવું એ ખરે ખર ઉત્તમ પુણ્ય છે. જીવનમાં ત્યાગનું કે છોડવાનું અતિ મહત્વ છે. પણ એ આનંદ સાથે કરાયો હોય તો મજબૂરીથી કે નારાજગીથી કરાયેલા ત્યાગ ભાવનાશીલ, લાગણીશીલ નથી હો તો. વસ્તુની પ્રાપ્તિથી આપણે આનંદ અનુભવીએ છીએ એ આનંદ આપણે કોઈ ચીજ વસ્તુને ત્યાગ કરતી વેળાએ અનુભવી શકીએ તોજ સાર્થક થઈ શકે. આપણું હતું તેનો અભાવ આપણે માણીએ સ્વખુશીથી અને સ્વાનંદથી તો જ ત્યાગની યર્થાથતા ગણાય. જે વસ્તુ આપણી પહોંચની બાહર હોય આપણી ગજા ઉપરાંત હોય તેની પ્રત્યે ત્યાગનો ભાવ રાખીએ એ છલના છે. બધુ છોડીને ભાગી જવું કે દુન્યવી સુખોને છોડી દેવાથી માત્ર ત્યાગ સધાતો નથી.

સંસાર છોડી દઈએ બધાનો ત્યાગ કરી દઈએ પરંતુ મન, મગજમાં સંસાર ભર્યો હોય તો તે ત્યાગની કોઈ કિંમત નથી. મનથી સંસારને છોડી દેવાનું, સમર્પણ ભાવથી ત્યાગ કરવું કઠિન છે. સાધુ જીવન સ્વીકારવું આસાન છે. પણ મનથી સંસાર તજવું કઠિન તપ છે. એક સંસાર છોડ્યા પછી સાધુતાનો વૈભવી આલમ રચાઈ જાય એ પણ સર્વથા નિંદનીય છે. આપણી સમજ છે કે સુખી અને શ્રીમંત વ્યક્તિ જ દાન કરી શકે, આપી શકે. આમ ત્યાગ માત્ર તાલેવંત વ્યક્તિઓ કરે એવું આપણું માનવું છે. પણ હકીકતમાં તો દરેક માણસ, નાનો હોય કે મોટો, હીન હોય કે અમીર સૌ કોઈ પોતાની પાસે રહેલ શક્તિ અને સાધનો ના પ્રમાણમાં ત્યાગ કરી પોતાનો અવતાર દિપાવી શકે છે. માત્ર લાખ રૂપિયા ઉડાડવાથી ત્યાગનો મહિમા થતો નથી. ભૂખ્યો ગરીબ માણસ પોતાને માંડ માંડ મળેલી રોટલીમાંથી એક ટુકડો પણ બીજાને ત્યાગ કરૂણા અને દયા ભાવથી આપે તો એ ઉચ્ચ પ્રકારનો ત્યાગ છે. આમ જોઈતો ઉદાર માણસોજ ત્યાગ કરી શકે. કૃપણ, લોભી લાલચુ માણસોતો પોતાની જરૂરતની તો શું તેમની પાસે પડેલી નિરર્થક નકામી કે ફાજલ વસ્તુઓ પણ છોડી શકતા નથી. એમને તો કેવળ લેવામાં સંગ્રહ કરવામાં રસ હોય છે. છોડી દેવામાં નહીં.

ત્યાગ સાથે દયા અને ઉદાર ભાવ હોય તો જ તેની સાર્થકતા થાય. ત્યાગ એ તપશ્ચર્યા છે. એ અર્થ ભાવથી આપણે લઈએ તો ત્યાગનો આનંદ, તેમાં રહેલા સુખનો ભાવ જરૂર માણી શકીએ. જીવનમાં જે મળેલું છે. તે માણવું હર્ષપૂર્વક સ્વીકારવું આનંદપૂર્વક પસાર કરવુ તેનો મર્મ સમજી તેને જીવવું એ સાર્થક જીવનની સફળતા છે. એટલે જ જ્ઞાનીઓ એ કહ્યું છે. 'ત્યાગ ન ટકે વૈરાગ્ય વિના'. અલિપ્ત ભાવ, અનુરાગ દિન રહી કોઈ સુખ, સમૃદ્ધિનો સંતોષ સાથે છોડીએ એ જ ત્યાગ છે. મહા તપ છે.

– જય જ્ઞાતિમૈયા

# ક્રોધ એટલે અગ્નિ જવાળા

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

ક્રોધ અને અગ્નિ બંન્નેની પ્રકૃતિ સરખી છે. અગ્નિ લાલપીળી ધગધગતી જવાળા સાથે દ્રષ્ટિ ગોચર થાય છે જ્યારે ક્રોધ મનોમન પ્રગટી અંગ અને અંતર મન જલાવે છે અને રાખ કરે છે. અગ્નિનું લક્ષણ છે કે જેમાંથી પ્રગટ થાય તેનો જ તે નાશ કરે છે. સાથો સાથ તેના સંસર્ગમાં આવનારનો નાશ કરે છે તો તેને સંપર્ક કરનારનો પણ ખાતમો કરે છે. ક્રોધનું પણ એવું જ છે. ક્રોધ કરનારનું સહિત પહેલાં થાય છે પછી જેના પર ક્રોધ કરે તેનું થાય છે. તેથી જ જ્ઞાનીઓએ સજ્જન પુરૂષોને ક્રોધનો ત્યાગ કરવાનું બોધ આપ્યું છે. ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં સમતા ભાવ રાખવાનું કહ્યું છે. ક્રોધથી સંમોહ ઉત્પન્ન થાય છે. સંમોહથી મન ભ્રષ્ટ થાય છે અને મન ભ્રષ્ટ થવાથી બુધ્ધિ નાશ પામે છે છેલ્લે બુધ્ધિનો નાશ થવાથી મનુષ્યનું શતોમુખી પતન થાય છે.

જેમ પાણીમાં સતત વમળો સર્જાતા હોય તો તેમાં ચહેરો સ્પષ્ટ જોઈ શકતો નથી તેવી જ રીતે જેના મનમાં ક્રોધ જલતો હોય, સ્વભાવમાં સખત ઉગ્રતા રહેતી હોય તો મનુષ્ય પરિસ્થિતિને સ્પષ્ટ જોઈ શકતો નથી. તેના લાભાલાભને નાણી શકતો નથી અને ખોટા નિર્ણયો કરી સ્વંયનું નુકસાન નોતરી બેસે છે. ક્રોધ ઝંઝાવતી વાવાઝોડું જેવું છે. તેની સામે જે આવે તેનો સંપૂર્ણ નાશ કરતો જાય છે. આવેશ વશ સામેવાળાનું અપમાન કરે છે. ત્યારે સામે કોણ વ્યક્તિ છે તેનું તેને ભાન રહેતું નથી. ગુસ્સામાં અંધ થઈ માતા-પિતા, શિક્ષક, ગુરૂ, સંબંધી સંતાન કોઈપણ હોય તેને અડફેટમાં લઈ ખાના ખરાબી કરતો જાય છે.

ક્રોધિત થયેલ વ્યક્તિ બીજાને દુઃખ પહોંચાડે કે નહીં પણ પોતાને જરૂર નુકસાન પહોંચાડે છે. અંતરાત્માને અંદરથી સળગાવે છે. રક્ત નલિકાઓને દઝાડે છે. દિલને દુઃખ આપે છે. રક્ત પરિભ્રમણને અનિયમિત બનાવે છે, ચિંતા-મનોતાપ વધારે છે કઠોર વાણી પ્રગટાવી સામેવાળાને જખમી કરતો જાય છે. ક્રોધથી જ્ઞાનનો નાશ થાય છે. ધર્મથી દૂર કરે છે અને જે કંઈ સુખ વૈભવ પ્રાપ્ત થયું હોય તેનો નાશ થતો જાય છે.

જો ક્રોધની ઉપર વિવેકનો અંકુશ હોય તો તે રામબાણની અસર કરે છે. જેનાથી ક્રોધ પછી જે વિનાશ થાય તેની અસર ઓછી કરે છે. ક્રોધ વિવેકપૂર્ણ રીતે પ્રગટે છે અને જલદી શમી પણ જાય છે. ક્રોધનું શમન કરવાનો રસ્તો છે સંયમ. જ્યારે ક્રોધ ભાવ થાય ત્યારે તરત પ્રતિક્રિયા આપવાને બદલે સંયમ ધરાવી મનને અન્ય ક્રિયા તરફ ફેરવો. ક્રોધ આવે એટલે મનોમન નવકારના જાપ, પ્રભુનું નામ સ્મરણ કરવાથી ક્રોધની ભાવનાનું શમન થાય છે. ક્રોધનો પ્રાગટ્ય વાણી, વર્તન, વિચાર દ્વારા પ્રગટ થાય છે. ક્રોધનો જવાળામુખી ભભૂકે ને ધગધગતો લાવા બહાર ફેંકે તે પહેલાં તેની પર ધૈર્ય, સમતા અને વ્યવહારિક વિચારનો ઢાંકણ જડબેસલાક બેસાડી બંધ કરી દઈએ તો? એની પ્રતિકાત્મક અસરની હાનિ કોઈને દઝાડે નહીં.

# જ્ઞાતિજનોને આહ્વાન

આપણી જ્ઞાતિની વિરાસત ભવિષ્યમાં સચવાયેલી રહે સાથો સાથ આજની પેઢીને આપણી જ્ઞાતિની સંસ્કૃતિ-સંસ્કાર અને વિરાસતની આધારભૂત માહિતી મળે એ જરૂરી છે. જે માટે સમસ્ત મહાજન દ્વારા જ્ઞાતિ ગ્રંથનું સંકલન કરવાનું આયોજન છે. જે માટે માહિતી સંકલિત કરાઈ રહી છે.

જ્ઞાતિના સૌને જણાવવાનું કે આપની પાસે આપણી જ્ઞાતિ વિષેની માહિતી, વિગત, જાણકારી હોય તે લખીને ફોટા સાથે ઈમેઈલ kdogranth@gmail.com ઉપર મોકલવા વિનંતી. **વધુ વિગત માટે સંપર્ક : જયંત છેડા (ચેરમેન, કેડીઓ મીડિયા સમિતિ) ૯૮૬૯૦૦૫૪૦૩ કરવો.**

# ARIHANT BANK

## SHRI ARIHANT CO-OP. BANK LTD.

**1st Jan - 30th June 2025**

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**

★ STAMP FRANKING Now Available

- HOME LOAN
- CAR LOAN
- COMMERCIAL VEHICLE LOAN
- SOLAR LOAN
- GOLD LOAN
- LOAN AGAINST PROPERTY
- TRADE LOAN
- LOAN AGAINST INSURANCE POLICY

*7.49% (p.a.)

*8.49% (p.a.)

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) |
|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 |

| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
|---|---|---|---|---|---|
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

**SADA AAPKE SANG, ARIHANT**

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**

SADA AAPKE SANG, ARIHANT

www.arihantbank.com @ Arihant Bank

# શ્રી સાંધવ જૈન મહાજન દ્વારા મધ્યપ્રદેશ તીર્થ યાત્રા-પ્રવાસ યોજાયો

ગુરૂવાર, તા. ૨ જાન્યુઆરી થી તા. ૭ જાન્યુઆરી ૨૦૨૫ સુધી શ્રી અર્હમ ટૂર ટ્રાવેલ્સ ભદ્રેશભાઈ છેડા વારાપદ્ધર નાં સંગાથે. પ.પૂ. સાધ્વીજી શ્રી નંદીવર્ધનાશ્રીજી મ.સા. નાં પ્રેરણા થી ૨૦૨૫ યાત્રા-પ્રવાસ યાદગાર બન્યું.

ગુરૂવાર તા. ૨ જાન્યુઆરી ૨૦૨૫ નાં રોજ પ.પૂ.તપસ્વી રત્ન મુનિરાજ શ્રી હિતવર્ધન સાગરજી મ.સા. એ માંગલિક સંભળાવેલ. બાંદ્રાથી રાત્રે ટ્રેન દ્વારા મેઘનગર તરફ પ્રયાણ.

શુક્રવાર તા. ૩ જાન્યુઆરી ૨૦૨૫ નાં મેઘનગરથી ૧ બસ, ૧ ટેમ્પો ટ્રાવેલર અને ૧ ઈનોવા દ્વારા ૭૦ જણા ની સંખ્યા માં મોહનખેડા તરફ પ્રયાણ. મોહનખેડામાં શ્રી આદિનાથ દાદા નાં દેવ - દર્શન, પૂજા અને નવકારશી કરી ભોપાવર તીર્થ તરફ પ્રયાણ. ૨૦૦૦વર્ષ સ્થાપિત્ત થયેલાં શ્રી શાંતિનાથ દાદા નાં અને શ્રી ખામણા પાર્શ્વનાથ દાદાની સેવા, પૂજા અને વંદન કરી. અમીઝરા તીર્થ તરફ પ્રયાણ. શ્રી અમીઝરા પાર્શ્વનાથ દાદાની સેવા, પૂજા અને વંદન કરી. ધાર તરફ પ્રયાણ.

શ્રી ભક્તામર તીર્થમાં સેવા, પૂજા અને વંદન કરી. બપોર નાં સાધર્મિક-ભક્તિનો લાભ, ચા-પાણી વાપરીને માંડવગઢ તીર્થ તરફ પ્રયાણ. શ્રી સુપાર્શ્વનાથ દાદા નાં દર્શન કરી રાત્રી-ભાવના અને આરતીનો લાભ મળેલ.

માડુ ગામમાં જહાજમહેલ, રુક્મણિમહેલ અને હિંડોળામહેલ નાં દર્શન કરી રાત્રે ઇન્દોર તરફ પ્રયાણ. શ્રી રીમકારગિરી પાર્શ્વનાથ તીર્થ રાત્રી ઇન્દોર રોકાણ.

તા. ૪ જાન્યુઆરી ૨૦૨૫ ને શનિવાર શ્રી રીમકારગિરી પાર્શ્વનાથ ભગવાનની પક્ષાલ પૂજા, આરતીનો ચડાવોનો લાભ આપણા સંઘે લીધેલ. સંઘ ઇન્દોર ગામના દેરાસરના પૂજા, દેવ-દર્શન કરેલ.

ઇન્દોરમાં માતૃશ્રી કાંતાબેન જીવરાજ મોતા વારાપદ્ધર (સાંધવ ગામ ની નિયાણી બહેન) અને માતૃશ્રી હીરબાઈ કુંવરજી લાલકા. વારાપદ્ધર તરફથી રૂ. ૫૦નું સંઘ પૂજન કરવામાં આવેલ. ઇન્દોરથી શ્રી સંઘને મળવા. વિપુલ મોતા, હીરાચંદ લાલકા, હેમંત મોતા નિમેશ મેશેરી પધારેલ. સવાર નાં નવકારશી કરીને, બપોરના જમણવાર પતાવી હાસમપુરા તીર્થ તરફ પ્રયાણ. અલૌકિક પાર્શ્વનાથ નાં દર્શન કરેલ. ચોવિહાર કરીને ઉજ્જૈન તરફ પ્રયાણ, ઉજ્જૈનમાં મહાકાલ નાં દર્શન કરી, રાત્રે અવંતિકા પાર્શ્વનાથ ધર્મશાળામાં રાત્રી રોકાણ.

રવિવાર, તા. ૫ જાન્યુઆરી ૨૦૨૫ નાં અવંતિકા પાર્શ્વનાથ ભગવાન ની વાસક્ષેપ પૂજા, પક્ષાલ પૂજા કેસર પૂજા કરેલ. ખારાકુવામાં ૯ દેરાસરજી નાં દર્શન કરી, શોપિંગ કરી,પાંચધામ, ભૈરવનાથ, શિપ્રા નદીનાં દર્શન કરી, શ્રી શાંતિનાથ દેરાસરજી નાં પ્રાગણમાં શ્રી શાંતિવિર હનુમાનજી નું મંદિર છે અવંતિકા પાર્શ્વનાથ ભગવાન નાં પ્રાગણમાં મહાકાલ મહાદેવ શિવ મંદિર આવેલ છે, તેમના દર્શન કરીને, પૂજ્ય સાધ્વીજીશ્રી ભગવંતનો લાભ મળેલ, તેઓ શ્રી આપણી જ્ઞાતિ નાં છે, પણ લબ્ધી સમુદાય માં દીક્ષા લીધેલ છે, શ્રી વાલજી ખીમજી લોડાયા. કોઠારા. હૈદરાબાદ. વાલાની દીકરી મ. સા. પ. પુ. શ્રી લક્ષયશાશ્રીજી મ. સા. આદિ ઠાણા-૩ ની નિશ્રા મળેલ ૧ દિવસ નો લાભ મળેલ. ઉજ્જૈનમાં શ્રી સંઘને મળવા સંજયભાઈ ધરમશી, રેખાબેન, જયાબેન, દિનાબેન સર્વે પધારેલ. શ્રી સંઘ મક્ષી તીર્થ તરફ પ્રયાણ કરેલ. શ્રી મક્ષીજી પાર્શ્વનાથ દાદા નાં, સુમતિનાથ દાદા નાં દર્શન કરી, શ્રી મણિભદ્ર દાદા જયા મણિભદ્ર નું મસ્તક મંદિર આવેલ છે ત્યાં પ્રયાણ. શ્રી કેસરીયાજી દાદા નાં દર્શન, શ્રી મણિભદ્ર દાદા નાં દર્શન કરી, ચોવિહાર કરીને ઉન્હેલ-શ્રી કામિતપુરણ ચિંતામણી પાર્શ્વનાથના દેવ-દર્શન કરી. શ્રી નાગેશ્વર તીર્થ તરફ પ્રયાણ. રાત્રી રોકાણ નાગેશ્વર.

સોમવાર તા. ૬ જાન્યુઆરી ૨૦૨૫ શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ દાદા નાં દર્શન, સેવા પૂજાનો લાભ લીધેલ. સર્વ દેરાસરજીમાં વાસક્ષેપ પૂજા અને પક્ષાલ પૂજાનો લાભ મળેલ. સવાર નાં નવકારશી, બપોર નાં સાધર્મિક ભક્તિ અને ચા/કોફીનો લાભ આપી શ્રી અષ્ટાપદ તીર્થ તરફ પ્રયાણ. અષ્ટાપદ તીર્થ અને શ્રી સંભવનાથ દાદાનાં દર્શન કરી નાગદા રેલ્વે સ્ટેશન તરફ પ્રયાણ અને નાગદા સ્ટેશન પર ચોવિહાર કરીને અવન્તિકા એક્સપ્રેસ દ્વારા મુંબઈ તરફ પ્રયાણ.

મંગળવાર, તા. ૭ જાન્યુરી ૨૦૨૫ નાં સવારે ૬.૩૦ કલાકે મુંબઈ સેન્ટ્રલ પહોંચી ગયેલ, ત્યાંથી સૌ યાત્રિકો પોત પોતાની રીતે સુખરૂપે શાંતિ થી પોતાના ઘરે પહોંચી ગયા હતા.

બપોરના ૧૨.૧૫ કલાકે મેળાવડો રાખવામાં આવેલ. ૪૦ આરાધકોને યાત્રા-પ્રવાસ સ્વ. માણેકજી મેંઘજી લોડાયા પરિવાર સાંધવ-મુંલુંડ તરફથી કરાવવામાં આવેલ છે.

સર્વે આરાધકો એ સ્વ. માણેકજીભાઈ પરિવાર ની અનુમોદના કરેલ. દરેક ભાગ્યશાળી પરિવારો તરફથી રૂ. ૪૦૦/= નું સંઘ પૂજન કરવામાં આવેલ. સર્વ યાત્રિકને શ્રી માણેકજી મેંઘજી લોડાયા પરિવાર. સાંધવ. મુંલુંડ વાળા તરફથી રતલામ અડધો સેવ, ઈન્દોરી અડધો ખાટું મીઠું ચેવડોની પ્રભાવના કરવામાં આવેલ. લોડાયા પરિવારની ખુબ ખુબ અનુમોદના.

શ્રી સાંધવ સંઘ તરફથી શ્રી ભદ્રેશભાઈ છેડા (અર્હમ ટૂર ટ્રાવેલ્સ વાળા) ની અનુમોદના કરવામાં આવેલ.

યાત્રા-પ્રવાસ ૫ દિવસ દરમિયાન ટૂરમાં ૩ ટાઈમ ભાવતા ભોજનીયા ખવડાવેલ, બસોની તેમજ રહેવાનીની સગવડ બધી જ વ્યવસ્થા સારી રીતે કરવામાં આવેલ તે માટે પણ શ્રી ભદ્રેશભાઈની ખુબ ખુબ અનુમોદના.

યાત્રા દરમ્યાન તા. ૩/૧/૨૫ નાં એક જણ છઠ તપ. બે ઉપવાસ.રૂ. ૧૦૦ ની પ્રભાવના શ્રી સાંધવ સંઘ તરફથી. તા. ૪ જાન્યુઆરી ૨૦૨૫ નાં બે ઉપવાસ રૂ. ૧૦૦ ની પ્રભાવના શ્રી વલ્લભજીભાઈ સોની - બાંભડાઈ અને રૂ. ૫૦ ની પ્રભાવના હસમીબેન સંગોઈ

# શ્રી સાંધવ જૈન મહાજન દ્વારા મધ્યપ્રદેશ તીર્થ યાત્રા-પ્રવાસ યોજાયો



તરફથી તા. ૫ જાન્યુઆરી ૨૦૨૫ ત્રણ ઉપવાસ રૂ.૧૦૦ ની પ્રભાવના શ્રી સાંધવ સંઘ તરફથી તા. ૬/૧/૨૫ બે ઉપવાસ રૂ. ૧૦૦ ની પ્રભાવના શ્રી સાંધવ સંઘ તરફથી એકાસણાની સારી સંખ્યામાં તપસ્યા થયેલ.

આરાધકો. અમેરિકા, બડગરા, નાંદેડ, દાવણગિરી, ગદગ, જલગામ, અંકલેશ્વર, ગોરખડી, રંગપુર, વાપી, અમદાવાદ, વડોદરા, કચ્છ, મુંબઈ અને મુંબઈ પરાંમાંથી સર્વે આરાધકો પધારેલ.

૪૦ આરાધકો ને મધ્ય પ્રદેશની યાત્રા સ્વ. શ્રી માણેકજી મેંઘજી લોડાયા (બાબુકાકા). સાંધવ-મુંલુંડનાં આત્મશ્રેયાંથે પરિવારજનો તરફથી કરાવવામાં આવેલ. પરિવારજનોની ખુબ ખુબ અનુમોદના.

30 જણા પોત પોતાના સ્વદ્રવ્યથી યાત્રા કરેલ.

યાત્રા-પ્રવાસમાં જોડાયા તે સર્વેની પણ ખુબ ખુબ અનુમોદના.


૬૫/૮૫ વર્ષનાં વયોવૃદ્ધ ઓ ને યાત્રા માં કોઈપણ તકલીફ નહી, ધન્ય છે, આવી માતા ઓ ને, બધા તીર્થોમાં પૂજા-પાઠ સવારનાં ૬ કલાકે થી શરૂ કરીને બપોરનાં ૨ કલાકે સુધી, આવા પુણ્યશાળી પરિવારો ને યાત્રા કરવાનો લ્હાવો લીધેલ.

દાતાશ્રી પરિવારની ખુબ ખુબ અનુમોદના. આ યાત્રા-પ્રવાસ દરમિયાન સેવા આપનાર પ્રવીણ મોતા, હિતેશ પટેલ, દિલીપ લોડાયા, મુકેશ દંડ,પ્રકાશ લોડાયા, તેજકુમાર ધરમશી અને નીતિન ધરમશી સર્વે ભાઈઓ એ સારી જહેમત ઉઠાવી ને ''૨૦૨૫ યાત્રા -પ્રવાસ'' માં ચાર ચાંદ લગાવી દીધા, તેઓશ્રી પણ ખુબ ખુબ અનુમોદના.

પ્રમુખશ્રી શામજીભાઈ દંડ યાત્રામાં સાથે જ હતા.

!! જય જય દાદા શ્રી શાંતિનાથ !!




















# શ્રી સાંધવ જૈન મહાજન દ્વારા મધ્યપ્રદેશ તીર્થ યાત્રા-પ્રવાસ યોજાયો



















# શ્રી સાંધવ જૈન મહાજન દ્વારા મધ્યપ્રદેશ તીર્થ યાત્રા-પ્રવાસ યોજાયો












## મધ્ય પ્રદેશ યાત્રા પ્રવાસમાં સંઘપૂજનમાં ભાગ્યશાળી પરિવારો

**રૂા.૨૫૦૦/-**

સંઘવીશ્રી ભાગચંદ દામજી જૈન (કોઠારા-મુલુંડ)
શ્રી માણેકજી મેઘજી લોડાયા (મુલુંડ)

**રૂા.૧૧૦૦/-**

માતુશ્રી જમકુબાઈ લાલજી પટેલ (મુલુંડ)
માતુશ્રી મણીબાઈ કુંવરજી મોતા (ડોંબિવલી)
માતુશ્રી જીઠીબાઈ કેશવજી ધરમશી (સુથરી-મુલુંડ)
માતુશ્રી વિજયાબાઈ પદમશી નાગડા (નલિયા-ભાંડુપ)
માતુશ્રી હંસાબેન લહેરચંદ લોડાયા (વાંકુ-મુલુંડ)
સોમચંદ વિસનજી ખોના (ઘાટકોપર-સુખપર)
માતુશ્રી વિમલાબાઈ ખીમજી દંડ (વાપી)
વિયાન વિનિત ખોના (નલિયા-મુલુંડ)
પ્રકાશ માણેકજી લોડાયા (થાણા)
પ્રવિણ માણેકજી લોડાયા (થાણા)
મિત સુનિલ વલ્લભજી સોની (બોબડાઈ-કલવા)
શેઠશ્રી શામજી નરશી દંડ (મુલુંડ)

**રૂા.૫૦૦/-**

નિતિન કેશવજી ધરમશી (સાંધાણ-ડોંબિવલી)
સુરેશ લખમશી દંડ (વરાડીયા-સાંધવ)
પુષ્પાબેન નવિનભાઈ લોડાયા (લાલા-અંકલેશ્વર)
વિજયાબેન લોડાયા, દમયંતીબેન ખોના (મોટી ખાવડી-કોઠારા)
જયશ્રી જવરેચંદ મેઘજી ખોના (ડોંબિવલી)
નીલમબેન જયંતીલાલ ગડા (ગોઅરસમાં-ડોંબિવલી)
રસીલાબેન ખોના, વિમલાબેન મૈશેરી (જખૌ-મોટી ખાવડી)
રતિલાલ ચત્રભુજ નાગડા (કોઠારા-વાપી)
લતાબેન લહેરચંદ મોમાયા (સાંયરા-ભુજ)
કાંતાબેન ખીમજી લોડાયા (લાલા-ડોંબિવલી)
શાંતિલાલ વિસનજી દંડ (ડોંબિવલી)
હીનાબેન દિનેશ મૈશેરી (મોટી સિંધોડી-અમદાવાદ)
હસ્મીબેન ચંદ્રકાંત સંગોઈ (કપાયા-ડોંબિવલી)
નયનાબેન મહેશ મોતા (લાલા-ડોંબિવલી)
શામજી મેઘજી નંદુ (ચુંદડી-ડોંબિવલી)
દિનેશ વિશનજી દેઢીયા (હમલા મંજલ-ડોંબિવલી)
લીલાવંતીબેન ખુશાલ સોની (બાંબડાઈ-મુલુંડ)
ચંદબેન ધનસુખલાલ સાવલા (કંઠી-ડોંબિવલી)
મધુરીબેન પોપટલાલ છેડા (કંઠી-ડોંબિવલી)
નવલબેન રતનશી પોલડીયા (બાયઠ-બરગડા)
રમીલાબેન મોહનલાલ સોની (નલિયા-ભાંડુપ)
પુષ્પાબેન ભરત ખોના (ડોંબિવલી)
અરૂણાબેન હંસરાજ ધરમશી (મંજલ રેલડીયા-અમેરીકા)
કલ્પનાબેન શાંતિલાલ અને રેખાબેન દીલીપ લોડાયા (સાંધવ-ગાંધીધામ)
મધુરીબેન ધરમશી અને કીષ્ણાબેન ખોના (ગોરખડી-ભરૂડીયા)
રઘુભા કાનુભા જોડજા (સાંધવ)
દિપક શીવજી લોડાયા (જખૌ-સાંધવ)
ધનબાઈ રતિલાલ નાગડા (પરજાઉ-વાપી)
દામજી નરશી દંડ (ભાંડુપ)
ભવાનજી નરશી દંડ (મુલુંડ)
દમયંતીબેન ઉમરશી ઘ્રોળ (માંડવીપૂરી કોટડી-કાંજુરમાર્ગ)
ચેતન દામજી લાલકા (રંગપુર-ગદગ)
પ્રેમાબેન રતનશી લાલકા (રંગપુર-રંગપુર)
ઘનબાઈ પદમશી કારાણી (નારાયણપર-કાંદીવલી)
ભારતીબેન સુર્યકાંત નાગડા (જખૌ-ધાવણગીરી)
મંજુલાબેન મોનજી કારાણી (ખારૂઆ-ડોંબિવલી)
ટોટલ સર્વે યાત્રિકને સંઘપૂજન રૂા.૪૦૦ થયેલ.

# શ્રી સાંધવ જૈન મહાજન દ્વારા સ્નેહમિલન રંગેચંગે યોજાયો







શ્રી સાંધવ નગર નો તા. ૧૨ જાન્યુઆરીના મુંલુંડ મધ્યે વિકાસ પેલેસ સાતમા માળે સ્નેહ મિલન રાખવામાં આવેલ. સ્નેહ મિલનમાં સાંધવવાસીઓ,નિયાણી બહેનો અને આમંત્રણને માન આપી આમંત્રિક મહેમાનો સારી સંખ્યામાં પધારેલ. દીપ પ્રગટાવવા માટે શામજીભાઈ દંડ, ચંદ્રકાન્ત લોડાયા અમદાવાદ, પ્રકાશ લોડાયા, સંદીપ લોડાયા અને વીરચંદ ખોના નાં હસ્તે કરવામાં આવેલ.

પ.પૂ.સાધ્વીજી શ્રી નંદીવર્ધનાશ્રીજી મ.સા. એ ફોન દ્વારા માંગલિક સંભળાવેલ અને પ.પૂ.સાધ્વીજી શ્રી જયોતિકલાશ્રીજી મ.સા.આદિ ઠાણા-૨ એ માંગલિક સંભળાવેલ પ્રવચન આપેલ. સ્ટેજ પર શામજીભાઈ દંડ, ભવાનજીભાઈ લોડાયા, સંદીપ લોડાયા અને વીરચંદ ખોના એ શોભાવેલ. ચેતના હરિયા સથવારે શ્રી નવકારમંત્રથી શરૂઆત કરેલ.

સ્વાગત ગીત કુ. તનિષા હિમાંશુ વીરચંદ ખોના એ રજૂ કરેલ. સંગીત સાથે. ચેતના હરિયા એ પ્રભુજી ની ભક્તિ સંગીત નાં સથવારે ધાર્મિક ક્વિઝ રમાડવામાં આવેલ, પ્રાઈઝ અં.સૌ.પ્રીતિબેન પ્રકાશ લોડાયા તરફથી કેડબરી આપવામાં આવેલ.

શૈક્ષણીકમાં પ્રથમ આવેલ તેમને ૧૧ જણાને ઈનામ આપવામાં આવેલ. ત્યારબાદ સાંધવ નગરમાં સંવત ૨૦૮૦ થી ૨૦૮૧ જાન્યુઆરી સુધી ધ્વજ મહોત્સવ ચૈત્ર માસ નાં આયંબિલ ઓળી નાં દાતાશ્રી, ચાતૃમાસ દાતાશ્રીઓ, કચ્છ નાં ૫૨/૪૨ ગામોની યાત્રા કરાવેલ તે દાતાશ્રીઓ, પર્વ પર્યુષણ વખતે જવા-આવવાની ટ્રેનની ટિકિટોનાં દાતાશ્રીઓ,પર્વ પર્યુષણ વખતે પંચતીર્થ કરાવેલ તેમના દાતાશ્રીઓ, ૯૯ યાત્રા કરાવેલ તેમના દાતાશ્રીઓ, શત્રુંજય મહાતીર્થ ખંભાત, મણિલક્ષ્મી, સઁખેશ્વરની પંચતીર્થની યાત્રા કરાવેલ દાતાશ્રીઓ, દિવાળી નાં અષ્ટાંનિકા મહોત્સવ નાં દાતાશ્રીઓ, સાંધવમાં રજતની ત્રીગડો ગઢ, અર્પણ કરેલ તેના દાતાશ્રીઓ,સુવર્ણ કળશ બનાવેલ તેના દાતાશ્રીઓ, ચાંદીની છડી બનાવેલ તેના દાતાશ્રીઓ, ચાંદીનો દિપક બનાવેલ તેના દાતાશ્રીઓ,ચાંદી નાં જિનાલય માટે ૨ તાળા નાં દાતાશ્રીઓ, વાલામા ભોજનશાળામાં કાયમી નિભાવ ફંડ નાં દાતાશ્રીઓ, કેસર રૂમ નાં સ્વદવ્યનાં દાતાશ્રી, ચાતૃમાસ નાં આરાધકોને મદયપ્રદેશની યાત્રા કરાવનાર ચાતૃમાસ દાતાશ્રીઓ, ૨૦૨૫ નાં સ્નેહ મિલન નાં સર્વે દાતાશ્રીઓ ની અનુમોદના કરવામાં આવેલ.

શ્રી સાંધવ નગર નાં ૨૦૨૫ નાં સ્નેહ મિલનમાં મુંબઈ મહાજનશ્રી નાં પ્રમુખશ્રી નયન ભેદા, શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ નાં ચેરમેનશ્રી જયેશ જૈન, વાઈસ ચેરમેનશ્રી પ્રવીણ લોડાયા, ઉપ પ્રમુખશ્રી વીરેન્દ્ર લોડાયા, સેક્રેટરીશ્રી કિરણ દંડ અને મિલન ધરમશી અને ગામવાસીઓ નિયાણી બહેનો સર્વ ૩૦૦ જણાની સંખ્યામાં પધારેલ.

શ્રી શામજીભાઈ દંડ, શ્રી નયન ભેદા અને શ્રી જયેશ જૈન એ સાંધવ નગર નાં ૨૦૨૫ નાં સ્નેહ મિલન પ્રસંગે પ્રસંગોપાત સુંદર પ્રવચન આપેલ. આભાર વિધિ શ્રી પ્રવીણ મોતા એ સરસ કાવ્ય રજૂઆત દ્વારા કરેલ. ફોટોગ્રાફર વિપુલભાઈ ડોમ્બિવલી એ કરેલ. સૂત્ર સંચાલક પદમ આર્ટ ચેતના હરિયા (શેરડી) સાથી કલાકારો જમાવેલ.

સાંધવ નગરથી પંકજ ડાઘા, કલ્પનાબેન, રેખાબેન લોડાયા, રસીલાબેન ખોના, સુરેશ દંડ, રઘુભા જાડેજા અને અમદાવાદથી ચંદ્રકાન્ત લોડાયા પધારેલ. સવાર નાં ચા-કોફી તેમજ વેલકમ જ્યુસ રાખવામાં આવેલ. બપોર નાં ભાવતા ભોજનીયા વાપરીને ૨.૩૦ કલાકે રજા લીધેલ. સ્નેહમિલનનાં દરેક દાતાશ્રી પરિવારજનોની ખુબ ખુબ અનુમોદના.

જે સ્નેહ મિલનની મહેનત કરેલ પોતાનો અમૂલ્ય ફાળો આપેલ તે પરિવારજનોની પણ ખુબ ખુબ અનુમોદના.

!! જય જય દાદા શ્રી શાંતિનાથ

# શ્રી સાંધવ જૈન મહાજન દ્વારા સ્નેહમિલન રંગેચંગે યોજાયો



















# શ્રી સાંધવ જૈન મહાજન દ્વારા સ્નેહમિલન રંગેચંગે યોજાયો



















# શ્રી સાંધવ જૈન મહાજન દ્વારા સ્નેહમિલન રંગેચંગે યોજાયો































# શ્રી સાંધવ જૈન મહાજન દ્વારા સ્નેહમિલન રંગેચંગે યોજાયો
































# શ્રી સાંધવ જૈન મહાજન દ્વારા સ્નેહમિલન રંગેચંગે યોજાયો



# શ્રી સાંધવ જૈન મહાજન દ્વારા સ્નેહમિલન રંગેચંગે યોજાયો










## સાંધવ સ્નેહ મિલનમાં આવેલ ભાગ્યશાળી પરિવારો તરફથી અમુલ્ય ફાળો

**પ્લેટીનમ દાતાશ્રી રૂા.૫૧,૦૦૦/-**
શેઠ શ્રી ચાંપશીભાઈ માણેકજી લોડાયા (લોખંડવાળા) પરિવાર (ઘાટકોપર)
શેઠ શ્રી શામજીભાઈ નરશી દંડ પરિવાર (મુલુંડ)

**સુવર્ણ દાતાશ્રી રૂા.૨૫,૦૦૦/-**
શ્રેષ્ઠીવર્ય શ્રી માણેકજી મેઘજી લોડાયા પરિવાર (મુલુંડ)
શ્રેષ્ઠીવર્ય શ્રી ઠાકરશી લાલજી પટેલ પરિવાર (મુલુંડ)

**રૂા.૨૧,૦૦૦/-**
માતુશ્રી કલ્પનાબેન ભવાનજી રાઘવજી લોડાયા પરિવાર (મુલુંડ)

**રૂા.૧૬,૦૦૦/-**
માતુશ્રી મણિબાઈ માણેકજી લોડાયા પરિવાર હસ્તે શ્રી નવીનભાઈ, શ્રી પ્રવીણભાઈ, શ્રી પ્રફુલભાઈ, શ્રી પ્રકાશભાઈ

**રજત દાતાશ્રી રૂા.૧૧,૦૦૦/-**
માતુશ્રી જયાબેન લક્ષ્મીચંદ નરશી દંડ પરિવાર (ભાંડુપ)
અ.સૌ.શકુંતલાબેન રાયચંદ નરશી દંડ પરિવાર (મુલુંડ)
માતુશ્રી નવલબેન ભવાનજી નરશી દંડ પરિવાર (મુલુંડ)
માતુશ્રી જવેરબાઈ પદમશી ખોના પરિવાર (ભાંડુપ)
માતુશ્રી મણીબાઈ કુંવરજી મોતા પરિવાર (ડોંબિવલી)
માતુશ્રી જમકુબાઈ લાલજી પટેલ પરિવાર (મુલુંડ)
માતુશ્રી નિર્મલાબેન નવીનચંદ્ર કરમશી લોડાયા પરિવાર (મુલુંડ)
અ.સૌ.નયનાબેન વીરચંદ મેઘજી ખોના પરિવાર (ડોંબિવલી)
માતુશ્રી દમયંતીબાઈ હંસરાજ દેવશી દંડ પરિવાર (મુલુંડ)

**બ્રોન્ઝ દાતાશ્રી રૂા.૫,૦૦૦/-**
શ્રી દામજીભાઈ નરશી દંડ પરિવાર (ભાંડુપ)
શ્રી નવીનભાઈ દેવણાંધ લોડાયા પરિવાર (મુલુંડ)
માતુશ્રી વિમળાબાઈ ખીમજી દંડ પરિવાર (વાપી)
શ્રી દિનેશભાઈ રામજી લોડાયા (મુલુંડ)
માતુશ્રી મીઠીબાઈ સોમચંદ વનશજી દંડ પરિવાર (મુલુંડ)

**રૂા.૫૧૦૦/-**
મા.જીઠીબાઈ કેશવજી ઘરમશી (સુથરી-મુલુંડ)

**રૂા.૧૧૦૦/-**
મા.રતનબાઈ શાંતિલાલ લોડાયા (સાંધવ-મસ્જિદબંદર)
તારાચંદ ખીમજી દંડ (સાંધવ-મુલુંડ)

**રૂા.૧૦૦૦/-**
ઉમેશ ઉમરશી ખોના (સાંધવ-ડોંબિવલી)
કાંતાબેન મણિલાલ દંડ (મંજલ રેલડીયા-ભાંડુપ)
ચેતનાબેન રાજેશ ખોના (તેરા-ભાંડુપ)
વર્ધમાન પદમશી લોડાયા (સાંધવ-વિઠ્ઠલવાડી)
શ્રી મણિલાલ ભવાનજી લોડાયા (સાંધવ-ભાંડુપ)
શ્રી રસીકભાઈ દેવરાજ લોડાયા (સાંધવ-મુલુંડ)
ગીતાબેન ગુલાબચંદ નારાણજી લોડાયા (સાંધવ-ડોંબિવલી)

**રૂા.૫૦૧/-**
જીનલ પુનમચંદ દંડ (જૈન) (વરાડિયા-ડોંબિવલી)

**રૂા.૫૦૦/-**
જયશ્રીબેન જવેરચંદ ખોના (સાંધવ-ડોંબિવલી)
પ્રિયાબેન દેવેન્દ્ર મોમાયા (સાંયરા-ડોંબિવલી)
કલાબેન દેવકરણ દંડ (તેરા-અંધેરી)
કાંતાબાઈ ખીમજી લોડાયા (લાલા-ડોંબિવલી)
હીરલ અનીલ મોમાયા (વરાડીયા-મુલુંડ)
માતુશ્રી કાંતાબેન ખીમજી મોમાયા (વરાડીયા-મુલુંડ)
માતુશ્રી નવલબાઈ રતનશી મેઘજી લોડાયા (સાંધવ-ડોંબિવલી)
વર્ધમાન પદમશી લોડાયા (સાંધવ-વિઠ્ઠલવાડી)
ભારતીબેન કિશોર લોડાયા (સાંધવ-ડોંબિવલી)
માતુશ્રી ગોરબાઈ કુંવરજી લોડાયા (સાંધવ-ગાંધીધામ)
શાંતિલાલ પદમશી લોડાયા (સાંધવ)
માણેકજી લાલજી ખોના (સાંધવ-કલકત્તા)
માતુશ્રી ચેતનાબેન પિતામ્બર લાલજી ખોના (સાંધવ-મુલુંડ)
શાંતિલાલ વિસનજી દંડ (સાંધવ-ડોંબિવલી)
ચંપાબેન લખમશી ઘરમશી (જસાપર-મુલુંડ)
હંસાબેન લહેરચંદ લોડાયા (વાંકુ-મુલુંડ)
ભારતીબેન સુર્યકાંત નાગડા (જખૌ-ધાવણગીરી)
ભાવનાબેન મુકેશ મોતા (નલિયા)
નેણશી પદમશી ખોના (સાંધવ-મુલુંડ)

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જાન્યુઆરીથી એપ્રિલ માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા. ૧૯ જાન્યુઆરી ૨૦૨૫ | પ.પૂ.સાધ્વી શ્રી જિનાજ્ઞાશ્રીજી મ.સા.ની વડી દિક્ષાઃ પારોલા તીર્થ. |
| તા. ૨૬ જાન્યુઆરી ૨૦૧૫ | શ્રી ક.દ.ઓ. ડોમ્બિવલી મંડળ આયોજિત ટેલેન્ટ ફીએસ્ટા ૨૦૨૫. સવારે ૯.૩૬ ક. થી. માધવાશ્રમ, ડોમ્બિવલી. |
| તા. ૨૬ જાન્યુઆરી ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. મંડળ ડોમ્બિવલી આયોજિત રંજન સંધ્યા. સાંજે ૪.00 ક. થી. |
| તા. ૩૧ જાન્યુઆરી થી ૦૨ ફેબ્રુઆરી ૨૦૨૫ | શ્રી તેરા તીર્થ : બને જિનાલયોનું ધ્વજારોહણ મહોત્સવ |
| તા. ૦૧ થી ૦૨ ફેબ્રુઆરી ૨૦૨૫ | નલિયા તીર્થ- શ્રી ચંદ્રપ્રભસ્વામી તથા અન્ય જિનાલયની ૧૮૫ મી ધ્વજા નિમિત્તે મહોત્સવ. |
| તા. ૦૧ થી ૦૨ ફેબ્રુઆરી ૨૦૨૫ | લાલા તીર્થ : શ્રી ચંદ્રપ્રભ સ્વામી જિનાલયઃ ૧૧૮મુ ધ્વજારોહણ મહોત્સવ |
| તા. ૦૨ ફેબ્રુઆરી ૨૦૨૫ | શ્રી અચલગચ્છ જૈન સંઘ મંજલ રેલડીયાની વાર્ષિક સામાન્ય સભા તથા ટ્રસ્ટીઓની ચુંટણી, આર કે પાઠશાળા, ભાડુંપ |
| તા. ૦૮ ફેબ્રુઆરી ૨૦૨૫ | શ્રી રાણપર તીર્થ ધ્વજારોહણ મહોત્સવ |
| તા. ૦૮ થી ૦૯ ફેબ્રુઆરી ૨૦૨૫ | શ્રી વારાપધર આદિનાથ જિનાલય ૧૬૪ મુ ધ્વજારોહણ મહોત્સવ |
| તા. ૦૯ ફેબ્રુઆરી ૨૦૨૫ | વરાડીયામાં બિરાજમાન ડાઘા કુળદેવી શ્રી મોમઇ માતાજી ની મુંબઈ મા સળંગ ૩૩મી પહેડીઃ લાભાર્થી શા. દામજી વેલજી ડાઘા ( કોઈમ્બતુર) પરીવાર : મેવાડ કેશરી હોલ, ભાડુંપ. |
| તા. ૦૯ ફેબ્રુઆરી ૨૦૨૫ | વરાડીયા ગામમાં બિરાજમાન  મોમાયા પરીવારના કુળદેવી શ્રી મોમાઇ માતાજીની ૩૧ મી સમુહ પહેડી તા. ૦૯-૦૨-૨૫ ના જીવરાજ ભાણજી હોલ, મુલુંડ |
| તા. ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૫ | કોઠારા શ્રી શાંતિનાથજી જિનાલયની ૧૬૪ મી ધ્વજા મહોત્સવ. |
| તા. ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૫ | શ્રી રાપર ગઢ તીર્થ - શ્રી ગોડીયા પાર્શ્વનાથજી જિનાલયઃ દ્વિતીય ધ્વજારોહણ મહોત્સવ. |
| તા. ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૫ અને ૧૪.૦૨.૨૦૨૫ | જસાપર તીર્થઃ શ્રી પદમાવતી મહાપુજન સહ શ્રી આદિનાથ દાદા જિનાલયનું ૧૪૮ મું ધ્વજારોહણ મહોત્સવ |
| તા. ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૫ | મોટી સિંઘોડી- નેમનાથજી જિનાલય : દ્વિતીય ધ્વજારોહણ મહોત્સવ. |
| તા. ૨૮ ફેબ્રુઆરી થી ૦૨ માર્ચ ૨૦૨૫ | સાંયરા તીર્થઃ ૧૪૭ મા ધ્વજારોહણ નિમિત્તે ત્રિહાનિકા મહોત્સવ |
| તા. ૦૧ માર્ચ ૨૦૨૫ | સાંયરા વિકાસ મંડળ આયોજિત સ્નેહમિલનઃ સાંયરામાં |
| તા. ૩૦ માર્ચ થી ૦૨ એપ્રિલ ૨૦૨૫ | તેરામાં બિરાજમાન મોતા પરીવારના કુળદેવી શ્રી અંબાઈમાના ભુવાશ્રીનું ચયન તથા ૨૫મી સમુહ પહેડીઃ કચ્છ તેરા. |
| તા. ૦૩ થી ૧૩ એપ્રિલ ૨૦૨૫ | સાંધવ તીર્થઃ સં. ૨૦૮૧ ચૈત્ર માસની આયંબિલ ઓળી. |

# સંજીવની કેસ નં.૧૭૦ માટે જરૂરી ભંડોળ
# રૂા.૨,૦૩,૫૦૦ જમા કરવા માટે ક્રાઉડ ફંડિંગ ખૂલ્લું છે

Samast Mahajan, Sanjivani Initiative

## CASE No.: 170

## DONATION NEEDED!

### Mr. SHANTILALBHAI JETSHI DHULLA

**Age-83 yrs, Dombivali, Kanjurarg -Tera**

**Patient got admitted due to multiple vomiting episodes and Dysphagia(difficulty in swallowing) He has Hypertension, CKD, Hper IGE syndrome with Anemia of Chronic Disease. Need to undergo Gastroscopy(OGD)**



**DONATION REQUIRED**

**Rs 2,03500**

**Bank Details:**
**Name:** Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan
**Bank :** Bank of Baroda Branch : Mulund (West)
**A/c.:** 99630100021765
**IFSC:** BARB0DBMULW **MICR :** 400012272

**Shri Samast KDO Jain Mahajan Medical Committee**

**In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 75060 70851**

૮૩ વર્ષીય કચ્છ તેરા હાલે કાંજુરમાર્ગના શાંતિલાલ જેતશી ધુલ્લાને સતત ઉલ્ટી થવાની સાથે ડિસફેગિયા, હાયપરટેન્શન, CKD અને હાયર IGE સિન્ડ્રોમ અને ક્રોનિક ડિસીઝ એનેમિયા છે.

વડીલ દર્દી થોડા વર્ષો અગાઉ માંડવી આશ્રમમાં નોકરી કરતાં હતા અને પત્ની સાથે રહી ગુજરાન ચલાવતા હતા. નિવૃત્તિ બાદ તેઓ અને તેમની પત્ની બિદડા આશ્રમમાં રહેતા હતા. પત્નીનું અવસાન આઠ વર્ષ પહેલા થયું. કોવિડ સમય કાળથી તેઓ પુત્રવધૂ અને પૌત્રો સાથે રહે છે. તેમનો પુત્ર ઘણા વર્ષોથી લાપતા છે. તેમની નથી કોઈ બચત કે નથી વીમાનું સંરક્ષણ બળ. આવી કપરી પરિસ્થિતિમાંથી ઉગરવા માટે તેઓએ સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ સમક્ષ સંજીવની અંતર્ગત સારવાર માટેનો અંદાજિત ખર્ચ રૂા.૨,૦૩,૫૦૦ મેળવવા અરજી સબ્મીટ કરી છે.

અરજીનો તલસ્પર્શી અભ્યાસ કરી અને એક્સ્પર્ટ તબીબોનો અભિપ્રાય લીધી પછી સદર કેસ નં.૧૭૦ માટે જરૂરી રકમ જમા કરવા ક્રાઉડ ફંડિગ શરૂ કરાયું છે. આજ સુધીના ૧૬૯ સંજીવની કેસોમાં ઉદારદિલ દાતાઓએ ભરપૂર સપોર્ટ કરી જ્ઞાતિજનોને વિકટ આપદામાંથી સુખરૂપ રીતે ઉગારયા છે. તે જ પ્રમાણે આ કેસમાં પણ માનવતાનો તકાજો ધ્યાને લઈ માનવતાવાદી માનવી તરીકે આપણે દ્રષ્ટિ કોણ અપનાવી શાંતિલાલભાઈ ધુલ્લાના સપોર્ટર બનીએ એજ પ્રાર્થના.

# શ્રી મહિલા હિતવર્ધક મંડળ હુબલીના સુવર્ણજયંતી ઉત્સવની શાનદાર ઉજવણી














શ્રીમતિ માતુશ્રી ઇન્દુબેન ગોવિંદજી ધરમશી દ્વારા ૧૯૭૫ માં સ્થાપિત મંડળે મંગળવાર, તા. ૧૪ જાન્યુઆરી, ૨૦૨૫ નાં મકરસંક્રાંતિના શુભ દિને સુવર્ણજયંતી ની આનંદસભર રીતે ઉજવણી કરી હતી. સંસ્થાના હાલના પ્રમુખ સૌ. હંસાબેન ભરત ધરમશી તેમજ અન્ય સહુ પદાધિકારીઓ એ ખુબજ મહેનત કરી કાર્યક્રમને સફળતા અપાવી હતી.

કાર્યક્રમની શરૂઆત પખાવાજ સાથે નવકારમંત્રથી કરી બાદ સ્વાગત નૃત્યગીત થયા બાદ સંસ્થાની વડીલબહેનો શ્રીમતિ ઈન્દુબેન ધરમશી, સૌ.મધુરીબેન ખોના, સૌ.ધનલક્ષ્મીબેન મોમાયા, સૌ.હંસાબેન ધરમશી, શ્રી તિલકભાઈ વીકમશી તેમજ શ્રી શરદભાઈ મોમાયા (મહાજનશ્રી નાં વહીવટદાર) ને સ્ટેજ પર દોરી લાવી મંચ પર સ્થાન આપવામાં આવેલ.

શ્રીમતિ ઇન્દુબેન ધરમશીને પુષ્પગુચ્છ અર્પણ કરી શાલ ઓઢાળી, સ્મૃતિચિન્હ આપી બિરદાવવામાં આવ્યા હતાં. એવી જ રીતે અન્ય જણોનું પણ સન્માન કરવામાં આવેલ. સહુએ પ્રાસંગિક પ્રવચન કર્યા બાદ દીપ પ્રગટાવી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ. આ પ્રસંગે મેમ્બર્સની પ્રોફાઈલ બુકનું વિમોચન શ્રીયુત તિલકભાઈ વીકમશીના વરદ હસ્તે કરવામાં આવેલ. મહાજનના પ્રમુખ શ્રી ભરત બી ખીમજી સંજોગોવસાત હાજર રહી શક્યા ન હતા. તો મંડળના પદાધિકારી બહેનો એ એમના નિવાસસ્થાને જઇ એમનું શાલ ઓઢાળી  સ્મૃતિચિન્હ આપી સન્માન કરેલ.

આ પ્રસંગે શ્રીમતિ ઇન્દુબેન ધરમશી તરફથી રૂ.૨૧૦૦૦/- તથા શ્રીયુત તિલકભાઇ વીકમશી તરફથી રૂ.૫૧૦૦૦/-તથા રૂ.૫૦૦૦/-શ્રીમતિ કુસુમબેન ધનજી પટેલ હસ્તે શ્રીમતિ ચેતનાબેન પટેલ તરફથી ભેટની જાહેરાત કરવામાં આવી હતી.

ત્યારબાદ રંગારંગ કાર્યક્રમમાં તારક મહેતા નાં ઉલ્ટા ચશ્માની એક ઝલક તેમજ અન્ય વિવિધ નૃત્યો રજૂ કરાયા હતા.

મંડળના સક્રિય કાર્યકર્તા બહેનોનું સન્માન કરાયું હતું. અને દરેક પ્રમુખે એમના કાર્યકાળ સમય નો અહેવાલ વાંચી સંભળાવ્યો હતો.વર્તમાન પ્રમુખશ્રી એ કાર્યક્રમની સફળતા માટે પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે મદદગાર થયેલ સહુ ભાઈ-બહેનોનો આભાર વ્યક્ત કરેલ. મંડળની દરેક બહેનોને એક આકર્ષક ટ્રાવેલિંગ બેગની ભેટ આપવામાં આવેલ. નવા વર્ષના પ્રથમ જમણવાર નો લાભ લઇ સૌ છૂટા પડ્યા હતા.

સંકલનઃ શાંતિલાલ રામજી લાલકા, હુબલી

## શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ અને શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલીના સંયુક્ત ઉપક્રમે અનંત રમતોત્સવ ૨૦૨૫નું ભવ્ય આયોજન

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ અને શ્રી કચ્છી દશા ઓસવાલ મંડળ ડોંબિવલીના સંયુક્ત ઉપક્રમે અનંત રમતોત્સવ ૨૦૨૫નું ભવ્ય આયોજન ૯ ફેબ્રુઆરી રવિવાર DSPMના ડૉ.યુ. પ્રભાકર રાવ સ્પોર્ટસ એકેડેમી, મિલાપ નગર, ડોંબિવલી પૂર્વ મધે કરાયું છે.

અનંત રમતોત્સવમાં બેડમિંટન, ચેસ, કેરમ, પુરૂષોની ઓવર આર્મ ક્રિકેટ ટૂર્નામેન્ટ, પુરૂષોની ૪૦ અન્ડર આર્મ ક્રિકેટ ટૂર્નામેન્ટ તથા મહિલા અન્ડર આર્મ ક્રિકેટ ટૂર્નામેન્ટ યોજાશે.

આવો, ભાગ લો અને અનંત રમતોત્સવ ૨૦૨૫માં ખેલદિલી, ટીમ વર્ક અને સંઘ ભાવનાનો હિસ્સો બનો. વધુ વિગત માટે સંપર્ક અનંત રમતોત્સવ સ્પોર્ટસ કમિટીના મેમ્બર ધવલ હીરાચંદ પોલડીયા (ડુમરા)-૮૬૯૨૮૮૭૭૭૩, ધીરેન વાલજી સોની (વાંકુ)-૮૮૭૯૧૫૫૦૫૧, પરેશ મોતીચંદ ખોના (નલિયા)-૯૮૨૦૯૪૦૪૮૬, રાકેશ અભય મૈશેરી (સિંધોડી)-૮૦૭૦૩૬૮૮૭૨.

નોંધણી માટે ગુગલ ફોર્મ લિંક https://forms.gle/YZsYFcD2dMbUvE7c6 ઉપર ક્લિક કરી વિગત ભરીને રજિસ્ટ્રેશન કરાવો.

---

## પ.પૂ.સાધ્વીશ્રી યશપ્રભાશ્રીજી મ.સા. સંયમજીવનના ૫૯મા વર્ષમાં ભવ્યતાથી પ્રવેશ કર્યો



કોઠારાના માવિત્ર માતુશ્રી ચંદનબેન દામજીભાઈ ધરમશીના ગુણીયલ, ધર્માનુરાગી દીકરી નલિયા નગરે વિક્રમ સંવત ૨૦૨૩ની પોષ માસ કૃષ્ણ પક્ષ પાંચમ તિથિ દિને અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા ગ્રહણ કરી ગુરૂમાતા પ.પૂ.સાધ્વીશ્રી અરૂણપ્રભાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે નૂતન નામ પ.પૂ. સાધ્વીશ્રી યશપ્રભાશ્રીજી મ.સા. સ્વીકારી સંયમ જીવન પંથે પ્રવાસનો આરંભ કર્યો.

દિવસ, મહિના વર્ષો વીતતા ગયા ધર્મ તપ, ત્યાગ ભક્તિ અને આરાધનામાં મગ્ન થઈ જઈ રજત, સુવર્ણ વર્ષના પડાવ શાતારૂપે પૂરા થયા અને વિક્રમ સંવત ૨૦૮૧ના પોષ વદી પાંચમ તિથિ દિને પૂજ્ય સાહેબ સંયમજીવનના ૫૮ વર્ષ પૂરા કરી ૫૯મા વર્ષમાં પ્રવેશ કર્યો છે અને હીરક વર્ષના ઉંબરે આવી પહોંચ્યા છે. ત્યારે આ મંગળ દિને ગુરૂભક્તોની મંગળ કામના ભાવના છે કે સાહેબજી હીરક પછી અમૃત વર્ષને પસાર કરી શતક વર્ષના સર્વોચ્ચ શિખરે બિરાજે! શત શત વંદના.

---

## શ્રી ક.દ.ઓ.દેવલાલી નાસિક રોડ સેવા ભાવી જૈન સંઘ તથા શ્રી ક.દ.ઓ.નાસિક જૈન સંઘના સંયુક્ત ઉપક્રમે પ્રજાસત્તાક દિવસની ઉજવણી થશે

શ્રી કચ્છી દશા ઓસવાલ દેવલાલી નાસિક રોડ સેવા ભાવી જૈન સંઘ તથા શ્રી કચ્છી દશા ઓસવાલ નાસિક જૈન સંઘના સંયુક્ત ઉપક્રમે બંન્ને સંઘના સર્વે સભ્યોને તા.૨૬ જાન્યુઆરી રવિવારના સવારના ૮.૩૦ કલાકે કાસા બ્લાંકા કલબ હાઉસ, લામ રોડ દેવલાલી સ્થળે રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાક દિવસની ઉજવણી અવસરે ધ્વજવંદન કાર્યક્રમમાં પધારવાનું સહર્ષ આમંત્રણ છે. ધ્વજવંદન બાદ નવકારશીની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. જેના લાભાર્થી મુકેશભાઈ જાદવજી ધરમશી પરિવાર છે.

---

## કેડીઓ સીએ એસોસિએશનની યુનિયન બજેટ ૨૦૨૫ ચર્ચા સાથે એન્યુલ મિટિંગ

કેડીઓ સીએ એસોસિએશન દ્વારા શનિવાર, તા.૮ ફેબ્રુઆરી બપોરે ૩ થી ૮.૩૦ દરમ્યાન ક.જે.સૌમૈયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, ૪થા માળે, તક્ષશિલા ઓડિટોરિયમ, ચાણક્ય બિલ્ડીંગ, વિદ્યાવિહાર પૂર્વ સ્થળે યુનિયન બજેટ ૨૦૨૫ અને તેની કેપિટલ માર્કેટ પર અસર વિષે ચર્ચા સાથે એન્યુઅલ મિટિંગનું આયોજન કરાયું છે. ક.દ.ઓ.જ્ઞાતિના રસ ધરાવતા સૌએ ઉપસ્થિત રહી શકે છે.

# પ્રિંજલ મેહુલ છેડાને યંગ કલ્ચરલ અને આર્ટિસ્ટિક આઈકોન ઓફ યર એવોર્ડ મળ્યો

નલિયા-શેગાંવના પ્રિંજલ મેહુલ છેડાને તાજેતરમાં અંધેરી-મુંબઈ ખાતે યોજાયેલ ફંક્શનમાં ફિલ્મી અભિનેત્રી એશા દેઓલના હસ્તે યંગ કલ્ચરલ અને આર્ટિસ્ટિક આઈકોન ઓફ ધ યર એવોર્ડ મળ્યો. આ આંતરરાષ્ટ્રીય ગૌરવ પુરસ્કાર પ્રાપ્ત થવા બદલ હાર્દિક અભિનંદન.




|| દંતાણી તીર્થ મંડન શ્રી સીમંધરસ્વામિને નમઃ ||

|| વિધિપક્ષ અચલગચ્છ પ્રવર્તક દાદા ગુરૂશ્રી આર્યરક્ષિતસૂરિ ગુરૂભ્યો નમઃ ||

શ્રી સીમંધરસ્વામિ પ્રશંસિત, મહાત્યાગી-ક્રિયોદ્ધારક, વિધિપક્ષ (અચલગચ્છ)
પ્રવર્તક પ.પૂ.દાદાગુરૂદેવ શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજાની જન્મ દીક્ષા ભૂમિની સ્મૃતિમાં નિર્મિત

**શ્રી આર્યરક્ષિત જૈન શ્વેતાંબર તીર્થ**

**શ્રી સીમંધરસ્વામી વીશ વિહરમાન ૩૨ વિજય મહાવિદેહ તીર્થ**

**આમુલચૂલ ભવ્ય સંગેમરમર ૩૨ જિનાલય સહ**

દાદા ગુરૂ શ્રી આર્યરક્ષિતસૂરિજી મ.ના ગુરૂ મંદિર (દાદા વાડી)નું જીર્ણોધ્ધાર... નવ નિર્માણ

તીર્થ સંસ્થાપક : શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.ગુરૂદેવ આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા

તીર્થ પ્રેરક : જીર્ણોધ્ધાર માર્ગદર્શક : પુણ્ય પ્રભાવક સામ્રાજ્ય,
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા

**અંજનશલાકા પ્રતિષ્ઠા મહામહોત્સવનો મુહૂર્ત :**
**વિ.સં. ૨૦૮૧ મહા વદ-૧ ગુરૂવાર. ૧૩/૨/૨૦૨૫**
**આજથી જ નક્કી કરો કે તમારે દંતાણી તીર્થની મુલાકાત લેવી છે.**

ઉત્તમ ભોજનશાળા - એસી/નોન એસી આધુનિક ધર્મશાળાની પરમ સુવિધા

● સંપર્કઃ મેનેજર - ભરતભાઈ દંડ - 9929917712

સૌજન્ય : ધારીણી જય મોતા (રાપરગઢવારી-કચ્છ)

## શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન,
## મેડિકલ સમિતિ



# કેડીઓ સંજીવની

### માટેની વિગતવાર માહિતી માટે તથા મેડિકલ સહાય માટે

**સંપર્ક:**

| | |
|---|---|
| મનીષા શાહ | 98695 76527 |
| ડો. ધારિણી નાગડા | 98197 22300 |
| ભરત મૈશેરી | 98200 58048 |
| રમેશ મોતા | 98196 55259 |

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**હરેશભાઈ લોડાયા**
તા.૧૪ જાન્યુઆરી (ઉ.૬૪)
તેરા–ડોંબિવલી



**પ્રેમીલાબેન ધરમશી**
તા.૧૫ જાન્યુઆરી (ઉ.૭૩)
સાંધાણ–વિરાર



**કલ્પનાબેન શાહ**
તા.૧૫ જાન્યુઆરી (ઉ.૮૦)
દેશલપર–કાંદિવલી

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● ખેતીવાડી ક્ષેત્રે બારડોલી તરીકે જાણીતા નખત્રાણા તાલુકામાં ખેડૂતો ખેતી અને બાગાયતી ખેતીમાં અવનવા પ્રયોગો કરતા રહે છે. અત્રે આ સાલે વાલનું વાવેતર મોટા પ્રમાણમાં થયું હોવાનું જાણવા મળેલ છે. આ આઠ માસી પાક હોવાથી અનેક ધરતી પુત્રો કઠોળની પેદાશ લેતા થઈ રહ્યાં છે. વાલના છોડમાં બે વખત ફાલ લાગે છે. પ્રથમ નીકળેલી ફળી પાકે પછી નવા ફૂલ આવે છે અને તેમાં પાછી ફળી લાગે છે. વાલ આમ તો શિયાળું પાકની ઉપાધિ ધરાવે છે. ચોમાસામાં થયેલું વાવેતર સાત માસ પછી લણવામાં આવે છે. વાલનો ઉપયોગ શાક બનાવવામાં થાય છે. જ્યારે વાલના છોડના પાન અને ડાળખી પશુઓને આહારમાં ઉપયોગી થાય છે. વાલના વેસ્ટેજ દાણા પશુઓને આહારમાં આપવામાં આવે છે. જેના કારણે દૂધમાં વધારો થાય છે અને દૂધમાં વધુ ફેટ આવે છે.

● ભુજમાં ખાવડા માર્ગે આવેલી જિલ્લા ખાસ જેલનો દરજ્જો ધરાવતા પાલરા જેલમાં ગૌ સેવાની પ્રવૃત્તિ ખરેખર બિરદાવવા જેવી છે. નાના મોટા ૭૦ ગૌવંશની સાર સંભાળ સાત કેદીઓ કરે છે. ગમાણના સ્વચ્છતા, લીલા-સૂકા ચારાની વ્યવસ્થા પાણી, દૂધ દોહન, ગૌવંશની બીમારી રખરખાવ જંગલમાં ચરાવવા સહિતના કામોની જવાબદારી પ્રશાસન અધિકારીઓના માર્ગદર્શન હેઠળ આ સાત કેદીઓ સંભાળે છે. ઘાસચારા માટે જેલ ગૌશાળા આત્મનિર્ભર છે. જેલની દસેક એકર જમીન ઉપર જ રંજકો, જુવાર, મકાઈ જવા લીલાચારાનું કેદીઓ વાવેતર કરીને ગૌવંશને નીરણ કરે છે. આ ઉપરાંત ગૌશાળાની દૂધની આવકમાંથી ખોળ-ભૂંસા સહિતના ખાણ દાણ ખરીદીને ગૌવંશને ખવડાવવામાં આવે છે. નાના નંદીઓને અહીં રખાય છે પણ જેવા નંદી મોટા થઈ જાય તો તેને રાતા તળાવની સંત વાલરામજી ગૌશાળામાં મોકલી દેવામાં આવે છે.

● કચ્છ મુંદરા પાંજરાપોળ અને ગૌશાળા ૧૬૨ વર્ષની અબોલ ગૌવંશોની સેવા કરતી જિલ્લાની જૂની અને પ્રથમ સંસ્થા છે. અત્રે ૨૫૫૦ જેટલા પશુઓનો નિભાવ કરાય છે. પશુઓની સંભાળ લેવા માટે મુંદરાથી છ કિ.મી. દૂર સાડાઉ રોડ પર ૨૦ એકરમાં શ્રીમતી લક્ષ્મીબેન શામજી ટોકરશી વોરા અમર સન્સ પશુ કલ્યાણ કેન્દ્રની સ્થાપના કરાઈ છે. આધુનિક સુવિધા સાથેનું દવાખાનું તથા બીમાર અશક્ત પશુઓ માટે જાળીવાળા ખંડ ઉપલબ્ધ છે. પશુઓને છાંયડો મળે એ માટે એક હજાર વધુ દેશી લીમડાનું વન નિર્માણ કરાયું છે. પશુઓને પાણી માટે પાણીના ટાંકા અવાડા વિગેરે બનાવાયા છે.

● છેલ્લાં ૧૯ વર્ષથી ધોરડોના શ્વેત રણમાં કચ્છનો રણોત્સવ યોજાય છે. વાતાવરણને ધ્યાનમાં લઈ શિયાળાના ચાર મહિના સુધી ઊભી થતી તંબુ નગરી હવે સંભવત આવતા વર્ષથી આખું વરસ ચાલી શકે તે માટે ધોરડોને બાર માસી પર્યટન નગરી બનાવવાની દિશામાં પ્રવાસન વિભાગ અને કચ્છના વહીવટી તંત્રે સંયુક્ત રીતે કામગીરી આરંભી છે. અત્યારે ૪૦૦ની તંબુનગરી, ઉપરાંત અન્ય ખાનગી ૨૦૦ જેટલા ટેન્ટ, ૧૦૦ વધુ કાયમી ભુંગા ઉપરાંત ૨૦૦ થી વધારે ધોરડોની આસપાસ ગામોમાં હોમ સ્ટે રૂપે તંબુ તાણવામાં આવ્યાં છે. ભીરંડિયારાથી ધોરડો સુધી આવતા હોડકો, ગોરેવલી સહિતના અનેક ગામોમાં હોમ સ્ટેની વ્યવસ્થા વધી જતાં એક હજાર પ્રવાસીઓ રોકાઈ શકે છે. અત્રે અંદાજે ૪૫ જેટલા નાના મોટા ખાનગી રિસોર્ટ છે જેમાં બુકીંગ સતત રહે છે.

● કચ્છને પ્રવાસન ક્ષેત્રે વિશ્વ સ્તરે નામના અપાવનાર ધોરડોના સફેદ રણ અને વિશ્વ વિરાસતનો દરજ્જો મેળવનાર ધોળાવીરાને આગામી સમયમાં રેલવે સેવાથી જોડવા માટેની મહત્વની ગતિવિધિ હાથ ધરવામાં આવી છે. નલિયા જખૌ રેલવે લાઈનને ધોરડો-ધોળાવીરા સુધી લંબાવવા સહિતની શક્યતાઓ ચકાસવા માટે કેન્દ્ર સરકારમાં દરખાસ્ત મૂકવાનું આયોજન ઘડાઈ રહ્યાની વિગતો કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડા દ્વારા આપવામાં આવી હતી.





# insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA